Office of The Dean,
Government Medical College,
Majuragate , Surat.

सत्यमेव जयते
Government of Gujarat

NO : GMCS / Account /I.tax 2022-23/ 4770-802/2022

DATE : 02/03/2022

## પરિપત્ર:-

વિષય:- ૨૦૨૨-૨૩નાં અંદાજીત આવકનાં ઇન્કમ ટેક્ષનાં ફોર્મ ભરવાં તથા જી.પી.ફંડની નિયમિત કપાતમાં સુધારો કરવા બાબત....

આથી અત્રેની સંસ્થા ખાતે ફરજ બજાવતાં વર્ગ-૧,૨ અને ૩ નાં દરેક અધિકારી/કર્મચારીઓને જણાવવાનું કે, સને ૨૦૨૨-૨૩નાં નાણાંકીય વર્ષની અંદાજીત આવકને ધ્યાનમાં લઇ ઈ.ટેક્ષનાં ફોર્મ ભરવાપાત્ર થતાં હોઇ, દરેક અધિકારી/કર્મચારીઓએ અંદાજીત આવકનાં ઇ.ટેક્ષનાં ફોર્મ સંથાની Website: www.gmcsurat.edu.in પરથી ડાઉનલોડ કરી સંપૂર્ણ વિગતો ભરી તા. ૦૯/૦૩/૨૦૨૨ સુધીમાં પરત આપી જવાનાં રહેશે, અંદાજીત આવક/કપાતની વિગત માટે માર્ચ-૨૨ નાં પગારને ધ્યાનમાં લઇ ગણતરી કરવાની રહેશે. દરેક પ્રકારની કપાત/રીબેટ બાદ કર્યા પછી જે ઇ.ટેક્ષ આવે તેને ૧૨ વડે ભાગી દર માસે ફરજીયાત કપાવવાનો રહેશે. ફોર્મ મોડા રજુ કરનાર અધિકારી/કર્મચારીઓનો માહે ૦૩/૨૨નો પગાર આકારવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.

તદ્દપરાંત જે અધિકારી/કર્મચારીઓ ( વર્ગા-૪ કર્મચારીઓ સહીત ) પોતાનાં જી.પી.ફંડ ખાતાની નિયમિત ક્પાતમાં માહે-માર્ચ-૨૨ થી સુધારો કરવા માંગતા હોઇ, તેઓએ તા. ૦૯/૦૩/૨૦૨૨ સુધીમાં હિસાબી શાખામાં રૂબરૂ આવી સુધારા/વધારાનું ફોર્મ ભરી જવાનું રહેશે.

વર્ષ ૨૦૨૨-૨૩નાં ઇ.ટેક્ષનાં ફોર્મમાં જે અધિકારી/કર્મચારીઓએ ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં રોકાણા અંગેની જે બાહેંધરી આપેલ છે, તેવાં અધિકારી/કર્મચારીઓએ ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં રોકાણ કરી તેનાં પુરાવાની ઝેરોક્ષ નકલ હિસાબી શાખામાં આપી જવાની રહેશે. અન્યથા તેઓનો માહે-૦૩/૨૧નો પગાર અટકાવવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

ડીન
સરકારી તબીબી મહાવિદ્યાલય
સુરત.

નકલ રવાના : -

- પ્રાધ્યાપક અને વડાશ્રી, તમામ વિભાગ સ.ત.મ. સુરત તરફ જાણ તેમજ આપના વિભાગમાં ફરજ બજાવતા તમામ અધિકારી/કર્મચારીઓને ઉપરોકત પરિપત્ર અમલ થવા અંગે જરૂરી કાર્યવાહી થવા સારૂ.
- શાખા ઇન્ચાર્જશ્રી, તમામ શાખા સ.ત.મ. સુરત તરફ જાણ તેમજ આપની શાખામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને ઉપરોકત પરિપત્ર અમલ થવા અંગે જરૂરી કાર્યવાહી થવા સારૂ.
- વોર્ડનશ્રી, તમામ હોસ્ટેલ, સ.ત.મ. સુરત તરફ જાણ તેમજ આપની શાખામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને ઉપરોકત પરિપત્ર અમલ થવા અંગે જરૂરી કાર્યવાહી થવા સારૂ.